# જાહેરનામું

## પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/૪૭૨/૨૦૧૬
## તા.૧૪/૦૩/૨૦૧૬

હું, શિવાનંદ ઝા **IPS**, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૧૯૫૧ ના કાયદા નંબર ૨૨) ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૯૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં આવેલ "વિશ્વ હિંન્દુ પરિષદ કાર્યાલય" (V.H.P.), R.S.S. કાર્યાલય,વાઇટલ ઇન્સ્ટોલેશન અને કોન્સ્યુલેટ ઓફીસની સુરક્ષાને ધ્યાનમાં લઇ તેની આજુબાજુના વિસ્તાર/રસ્તાઓને **"નો-પાર્કિંગ ઝોન"** જાહેર કરવા નીચે મુજબનો હુકમ કરૂ છું.

**<u>હુકમ</u> :-**

અમદાવાદ શહેરમાં ભુતકાળમાં થયેલ આંતકવાદી હુમલાઓમાં ઉપયોગમાં લેવાયેલ હુમલાની પદ્ધતિઓમાં ટાર્ગેટની આજુબાજુના વિસ્તારમાં સાયકલ, મોટર સાયકલ, સ્કુટર, ફોર વ્હીલ વાહનો વિગેરેમાં બોમ્બ લગાવી આવા વાહનો ટાર્ગેટની નજીકમાં બિનવારસી હાલતમાં પાર્ક કરી દેવામાં આવતા હોય છે. આ બાબત સુરક્ષાની દ્રષ્ટીએ ખુબ જ જોખમરૂપ હોઇ અમદાવાદ શહેરમાં આવેલ નીચે જણાવેલ "વિશ્વ હિંન્દુ પરિષદ કાર્યાલય" (V.H.P.), R.S.S. કાર્યાલય,વાઇટલ ઇન્સ્ટોલેશન અને કોન્સ્યુલેટ ઓફીસની આસપાસ આવેલ તેની નીચે જણાવેલ આજુબાજુના દર્શાવેલ વિસ્તાર/રસ્તાઓ **"નો-પાર્કિંગ ઝોન"** જાહેર કરવામાં આવે છે.

**(૧) <u>પાલડી ખાતે આવેલ વિશ્વ હિન્દુ પરિષદ (V.H.P.) કાર્યાલય</u> :**

➢ **"નો-પાર્કિંગ ઝોન" વિસ્તાર/રસ્તાઓ:**

**a.** **V.H.P.** કાર્યાલય સામે ક્રીંકલ એપાર્ટમેન્ટ વચ્ચે ચાર રસ્તાથી એ.વી.કોમ્પલેક્ષ ચાર રસ્તા સુધીનો રોડ,૯ મહાલક્ષ્મી સોસાયટીના બંગલાના મુખ્ય રોડના છેડા સુધી

**b.** **V.H.P.** કાર્યાલય સામે ક્રીંકલ એપાર્ટમેન્ટ ચાર રસ્તાથી અનીસા એપાર્ટમેન્ટ "ટી" સુધી

**c.** **V.H.P.** કાર્યાલય સામે ક્રીંકલ એપાર્ટમેન્ટ થી શિવાલીક-૫ ના ખુણા સુધી

**d.** **V.H.P.** કાર્યાલય સામે ક્રીંકલ એપાર્ટમેન્ટ થી સાલવલ એપાર્ટમેન્ટના ખુણા સુધી

**(૨) <u>R.S.S. કાર્યાલય ડૉ. હેગડેવાર ભુવન,જુના ઢોર બજાર, મણિનગર, અમદાવાદ શહેર</u> :**

➢ **"નો-પાર્કિંગ ઝોન" વિસ્તાર/રસ્તાઓ:**

ગોરધનનગર સોસાયટીના મકાન નંબર ૧૦/બી થી મકાન નંબર ૧૫/બી થઇ ગોરધનનગર સોસાયટીના મુખ્યગેટ સુધીનો રોડ તથા ગોરધનનગર સોસાયટી મુખ્યગેટથી બળીયાકાકાની ચાલી સુધીનો રોડ. (બળીયાકાકા માર્ગ ઉપર)

**(૩) <u>યુ.એસ. વિઝા ફેસીલીટેશન સર્વિસ સેન્ટર, ગુજરાત ચેમ્બર્સ બિલ્ડીંગ, શ્રી અંબિકા મીલ્સ, આશ્રમ રોડ, એલીસબ્રીજ, અમદાવાદ શહેર</u> :**

➢ **"નો-પાર્કિંગ ઝોન" વિસ્તાર/રસ્તાઓ:**

રત્ના બિઝનેશ સ્કેવર આશ્રમ રોડ સામેથી પેલીકન બિલ્ડીંગની દિવાલ પાસે થઇ ગુજરાત અર્બન કો.ઓ.બેન્ક ફેડરેશન સુધીનો રસ્તો.

(૪) **Consulat General De France A Bombay**, B/S, Food Corporation of India, Himali Tower Lane, Manekbaug Shyamlal Cross Road, Satellite, Ahmedabad.

➢ **"નો-પાર્કિંગ ઝોન" વિસ્તાર/રસ્તાઓ:**